# Greenlawns High School

MUMBAI – 400036

For the Final Examination Year 2023-24 Time: 3 hours
Std: VIII Sub: Gujarati 2 Language Marks: 80

## વિભાગ - અ
## SECTON A (40 MARKS)

**સૂચના: દરેક પ્રશ્નના ઉત્તર લખવા જરૂરી છે.**

**પ્રશ્ન ૧. નીચે આપેલા વિષયો માં થી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. (૧૦)**

૧. માતૃભાષા દ્વારા શિક્ષણ.
૨. સંપ ત્યાં જંપ કહેવત ને આધારે વાર્તા કે પ્રસંગ લખો.
૩. શિક્ષણ પ્રવાસ જરૂરી.
૪. મનુષ્ય અને પ્રાણી પ્રેમ.

**પ્રશ્ન ૨. નીચે આપેલા વિષયો માં થી કોઈ પણ એક વિષય પર પત્ર લખો. (૭)**

૧. શાળા માં ચાલતી પ્રવૃત્તિ જ વિધાર્થીઓ માં શારીરિક, માનસિક તથા બૌદ્ધિક વિકાસ કરે છે તે સમજાવતા તમારી બહેન ને પત્ર લખો.
૨. તમારો ગમતો પાઠ કે કવિતા નું વર્ણન કરતો પત્ર તમારા નાના ને લખો.

**પ્રશ્ન ૩. નીચે આપેલો ગધખંડ વાંચી પ્રશ્નો ના ઉત્તર લખો. (૧૦)**

એક વાર બધા અંકો વચ્ચે ઝઘડો થયો. નાની વાત વધી ગઈ અને ૯ એ ૮ ને એક થપ્પડ મારી દીધી. ૮ બિચારો રડવા લાગ્યો. તેણે રડતાં રડતાં પૂછ્યું, 'ઝઘડો તો બધા કરે છે, મને કેમ માર્યું? ૯ એ તુમાખીથી જવાબ આપ્યો. 'હું તારાથી મોટો છું એટલે મેં તને માર્યું. ચાલ, હવે ચૂપ રહે.' ૯ નો આવો જવાબ સાંભળી ૮ ને વધુ ગુસ્સો આવ્યો. અને તેણે ૭ ને થપ્પડ મારી દીધી અને પછી કારણમાં ૯ જેવી જ વાત કરી કે “હું તારાથી મોટો છું એટલે માર્યું. ચાલ, હવે ચૂપ રહે”. હવે ઝઘડામાંથી વાત મારામારી સુધી વધી. ૯ અને ૮ ની જેમ ૭ એ ૬ ને માર્યું. ૬ એ ૫ ને માર્યું. ૫ એ ૪ ને માર્યું, ૪ એ ૩ ને માર્યું ૩ એ ૨ ને માર્યું, ૨ એ ૧ ને માર્યું. ૧ રડવા લાગ્યું.બધાને એમ હતું કે ૧ હવે 0 ને મારશે, કારણ કે 0 એનાથી નાનો છે. 0 ખુરશી નીચે છુપાઇ ગયો, પરંતુ બધાના આશ્ચર્ય વચ્ચે ૧ એ પોતાના આંસુ લૂછી નાખ્યાં અને શૂન્યને બહુ ગમતી વસ્તુ લઈ એને શોધવા લાગ્યો અને ખુરશી નીચે એણે 0 ને છુપાયેલો જોયો અને ૧ એની પાસે ગયો 0 ને એની ગમતી વસ્તુ ભેટ આપી અને ધીમેથી એને બહાર આવવા કહ્યું. અને વચન આપ્યું કે હું તને નહીં મારું. 0 ડરતાં- ડરતાં બહાર આવ્યો. ૧ એ તેને વહાલ કર્યું, પછી એના કાનમાં કંઈક કહ્યું, 0 ના મોઢા પર સ્મિત આવી ગયું. ૧ એ 0 ને ઊંચક્યું અને પોતાની જમણી બાજુએ બેસાડી દીધું. હવે ૧, ૧ નહોતો અને 0, 0

નહોતો. બન્ને સાથે ૧૦ બની ગયા હતા, જેની કિંમત ૯ કરતાં મોટી હતી. હવે ૯ ને ડર લાગ્યો કે મેં મારી જાતને સૌથી મોટી ગણી ઝઘડો શરૂ કર્યો, પણ હવે આ બન્ને સાથે મળી ૧૦ બની મને મારશે, પણ એવું કંઈ ન થયું.

૧ અને 0 એ બધાને ઝઘડો ભૂલી એક થવાની સલાહ આપી. અને સમજાવ્યું કે પોતાનાથી નાનાને સાથ આપો, મદદ કરો.એકમેક સાથે જોડાયેલા રહો તો તમારી શક્તિ અને કિંમત વધશે. ઝઘડો ભૂલો........એકતા અને સંપ અપનાવો. કોઈ નાનાની મજબૂરીનો ફાયદો ન ઊઠાવો. એની તકલીફ પર ન હસો. એકબીજાને સાથ આપી ખુશ રહો, આગળ વધો. બધા અંકોને પોતાની ભૂલ સમજાઈ.

પ્રશ્નો:

1. એક વાર અંકો વચ્ચે કઇ ઘટના બની? પહેલી થપ્પડ કોણે કોને મારી? શા માટે? (૨)

2. ૮ અંકે ગુસ્સામાં કોને થપ્પડ મારી? તેના વ્યવહારની અસર બીજા અંકો પર કેવી પડી? (૨)

3. ૧ અંક વિશે લોકો શું વિચારતા હતા? 0 ના ચહેરા પર સ્મિત કેમ આવ્યું? (૨)

4. ૧ અને 0 અંકે બધાને શું સલાહ આપી? આ બોધવાર્તા પરથી આપણે શું બોધ ગ્રહણ કરવો જોઇએ (૨)

5. ૯ ને કઈ વાતનો ડર લાગ્યો હતો? વાર્તાને યોગ્ય શીર્ષક આપો (૨)

**પ્રશ્ન ૪. સૂચના પ્રમાણે કરો.**

ક. નીચે આપેલા રૂઢિ પ્રયોગ ના અર્થ લખો અને વાક્ય માં વાપરો. (૩)
i. હડફેટ માં આવવું
ii. હરાજી થવી

ખ. નીચે આપેલા શબ્દ ના દ્વી અર્થ લખો. (૨)
i. નાડ
ii. પાત્ર

ગ. શબ્દ સમૂહ બદલે એક શબ્દ લખો. (૨)
i. શેષ રાખ્યા વિના ભગાય નહિ એવું.
ii. પોતાના વખાણ પોતેજ કરવા તે.

ઘ. નીચે આપેલા વાક્યો માં લીટી દોરેલા શબ્દ નો વિરોધી લખો. (૨)
i. આળસુ બાળક હંમેશા પાછળ રહે છે પરંતુ _________ બાળકો આગળ આવે છે.
ii. સવારે સૂર્ય ____________ થાય છે ને સાંજે અસ્ત થાય છે.

ચ. સમૂહવાચક શબ્દ લખો. (૨)
i. સ્વયં સેવક નું
ii. વાદળોનું

છ. સંજ્ઞા ઓળખી પ્રકાર લખો. (૧)
i. સોનગઢ ગામમાં એક વેપારી રહેતો હતો.

જ. નીચે આપેલા વાક્ય ને બીજા બે કાળ માં બદલી લખો. (૧)
i. પાંડવોએ તેરમું વર્ષ આજ્ઞાત વાસ માં વિતાવશે.

## વિભાગ - બ
## SECTON B (40 MARKS)

**પ્રશ્ન ૫. નીચે આપેલા શબ્દો ના અર્થ લખો. (૪)**

૧. ઉપવાસ
૨. કાંઠો
૩. ઉજ્જડ
૪. શરીર

**પ્રશ્ન ૬. નીચે આપેલા શબ્દો ના વિરોધી લખો. (૪)**

૧. માંસાહારી
૨. આગ્રહ
૩. મીઠા
૪. વિશ્વાસપાત્ર

**પ્રશ્ન ૭. નીચે આપેલા શબ્દો પર થી વાક્ય બનાવો. (૪)**

૧. લાંચ
૨. સંસ્થા
૩. સોડમ
૪. વ્યક્ત

**પ્રશ્ન ૮. નીચે આપેલા શબ્દોની ભૂલ સુધારી ફરી લખો. (૪)**

૧. વીશલેસણ
૨. વૉલીનટશ
૩. ફરઝનદ
૪. શંકેત

**પ્રશ્ન ૯. નીચે આપેલા સવાલ ના જવાબ એક શબ્દ માં લખો.** **(૫)**

૧. ફાડ્યા વિના નું એક સરખું કપડું.
૨. નદી પોતાનું બધું પાણી ક્યાં ઠાલવે છે?
૩. શાલીન અમેરિકા માં શું બન્યો?
૪. સાચું ઘી પાઠ ના લેખક નું નામ લખો.
૫. નથી રે જુદાઈ પાઠ માં શો સંદેશો મળે છે?

**પ્રશ્ન ૧૦. નીચે આપેલા સવાલ ના જવાબ એક ને વાક્ય માં લખો.** **(૫)**

૧. લેખિકા શરીફા વીજળીવાળા નો જન્મ ક્યાં અને કેવી પરિસ્થિતિ માં થયો હતો?
૨. શાલીન એ કયા પ્રાણીઓ માટે અભ્યારણ શરૂ કર્યું? શા માટે?
૩. વજી બાઈ કયા કયા ગામ થી ઘી લાવતી હતી?
૪. હૃદય માં કઈ ભાવના વિકસાવી જોઈએ?
૫. લેખિકા શરીફા ને શા કારણે લોક સાહિત્ય જીભ ને ટેરવે રહેતું?

**પ્રશ્ન ૧૧. નીચે આપેલું વાક્ય કોણ બોલે છે? કોને કહે છે? ક્યારે? શા માટે?** **(૨)**

૧. જેવું બ્રશ જોયું કે મગજ છટકિયું "ક્યાં થી લાવ્યો? કોને પૂછીને લાવ્યો? "

**પ્રશ્ન ૧૨. નીચે આપેલા સવાલ ના જવાબ પૂરા વાક્ય માં લખો.** **(૧૨)**

૧. લેખિકા ને બાળપણ માં કોના કોણ દ્વારા ધર્મ ના સારા સંસ્કાર મળ્યા હતા? શી રીતે?
૨. ચલ મન કવિતા દ્વારા આપણને શું શીખવા મળે છે?
૩. શાલીન કયું સત્કાર્ય કરે છે? તેમાં તેને સફળતા શી રીતે મળે છે?
૪. સાચું ઘી પાઠ દ્વારા મનુષ્ય ના કયા સ્વભાવ ની વાત કરવા માં આવી છે અને તેમાં શી રીતે પરિવર્તન આવે છે?